### જિલ્લામાં ખાદ્યસામગ્રીની ગુણવત્તા તપાસવા સઘન ચેકિંગ હાથ ધરાયું


# સર્કિટ હાઉસની કેન્ટીનમાં જ ગંદકી

**વલસાડ** સર્કિટ હાઉસની કેન્ટીનમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળતાં કેન્ટીન તાત્કાલિક બંધ કરાવાઈ

**રિપેરિંગ** અને સફાઈ કામગીરી પૂર્ણ થયા બાદ જ કેન્ટીન પુનઃ શરૂ કરાશે

વલસાડ : વલસાડ જિલ્લામાં ખાદ્યસામગ્રીની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી શહેર અને જિલ્લામાં હોટલ, ડેરી તેમજ વિવિધ ખાદ્યપદાર્થોના વેચાણ કેન્દ્રોમાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન સબસ્ટાન્ડર્ડ જણાયેલા કેટલાક ખાદ્ય નમૂનાઓ મામલે કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

દરમિયાન વિભાગની ટીમે વલસાડ સર્કિટ હાઉસ ખાતે આવેલી કેન્ટીનમાં પણ તપાસ હાથ ધરી હતી. તપાસ



દરમિયાન કેન્ટીનના રસોડામાં જરૂરી સ્વચ્છતા જાળવવામાં આવતી ન હોવાનું તેમજ સફાઈના અભાવની સ્થિતિ જોવા મળી હતી. જેને પગલે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી કેન્ટીન બંધ કરાવી હતી.

કેન્ટીનની સ્થિતિ અંગે સંબંધિત પીડબલ્યુડી વિભાગના અધિકારીઓને જાણ કરવામાં આવતા કેન્ટીન બંધ રાખી જરૂરી રિપેરિંગ અને સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી છે. કેન્ટીનમાં સ્વચ્છતા અને જરૂરી સુધારાકાર્ય પૂર્ણ થયા બાદ જ તેને ફરી શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની આ કાર્યવાહીથી ખાદ્યસામગ્રી સાથે સંકળાયેલા એકમોમાં સ્વચ્છતા અને ગુણવત્તાના નિયમોનું પાલન કરવા અંગે તંત્રની કડકાઈનો સંદેશ ગયો છે.

### જન્માષ્ટમી સાથે વિકેન્ડની રજાઓમાં સાપુતારા પ્રવાસીઓથી છલકાયુ




ગિરીશ ભોયે

■ સાપુતારા : જન્માષ્ટમી પર્વ અને વિકેન્ડની રજાઓના સંયોગથી ગુજરાતના પ્રખ્યાત ગિરિમથક સાપુતારામાં પ્રવાસીઓનો ભારે જનસેલાબ ઉમટી પડ્યો હતો. સાપુતારા તથા આસપાસની હોટલો, રિસોર્ટ્સ અને ટેન્ટ સિટી હાઉસફુલ થઈ જતા પ્રવાસન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ખાનગી વાહનો સાથે પહોંચતા સાપુતારાથી શામગહાન જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી હતી.

# શિક્ષક દિને જ શિક્ષકોનો કાળી પટ્ટી ધારણ કરી વિરોધ

**વલસાડ** અને ડાંગની શાળાના શિક્ષકોએ TET મુક્તિ અને જૂની પેન્શન યોજના (OPS) ફરી ચાલુ કરવા માંગ



### શિક્ષણ કાર્ય ચાલુ રાખ્યું હતું

નાનાપોંઢા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ મિતેષ પટેલે જણાવ્યું કે, ટેટ પરીક્ષા રદ કરવા અને જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવા સરકાર સમક્ષ માંગણીઓ લાંબા સમયથી પેન્ડિંગ છે. જે મુદ્દે શનિવારે કાળી પટ્ટી ધારણ કરી નાનાપોંઢા, કપરાડા સહીત શિક્ષણ કાર્ય ચાલુ રાખ્યું હતું.

સાપુતારા, વલસાડ : રાજ્ય સંઘના આદેશ મુજબ વલસાડ અને ડાંગ જિલ્લાના પ્રાથમિક શિક્ષક ભાઈઓ-બહેનોએ 5મી સપ્ટેમ્બર એટલે શિક્ષક દિન નિમિત્તે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન સાથે શિક્ષણ કાર્ય કર્યું હતુ.

શિક્ષકોએ શિક્ષક પાત્રતા કસોટી (TET) માંથી મુક્તિ આપવા અને જૂની પેન્શન યોજના (OPS) પુનઃસ્થાપિત કરવા જેવી ન્યાયસંગત માંગણીઓને લઈને જોરદાર સૂત્રોચ્ચાર સાથે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

જિલ્લા સંઘના હોદ્દેદારોના જણાવ્યા અનુસાર, ૨૦૧૦ પહેલાના સેવારત શિક્ષકો માટે TET ફરજિયાત કરવાનો નિર્ણય અને પેન્શનના અધિકારો શિક્ષક સમુદાય માટે ગંભીર ચિંતાનો વિષય છે. સંઘના હોદ્દેદારોએ સ્પષ્ટ કર્યું હતું કે શિક્ષકોની આ માંગણીઓ સંપૂર્ણપણે વાજબી છે.

રાજ્ય સંઘની સૂચના મુજબ નવી દિલ્હીના જંતર મંતર ખાતે યોજાનારા ઝોનલ ધરણાં અને સંસદના શિયાળુ સત્ર દરમિયાન રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોમાં આપવામાં આવશે.

# વાપીમાં બે ફ્લેટ અને મકાનોમાં ચોરી કરનારા મહારાષ્ટ્રના બે ઝડપાયા

**પોલીસે** મુંબઈ સુધીના રૂટના 200થી વધુ સીસીટીવી ફૂટેજ ચકાસી પુણેથી આરોપીઓની ધરપકડ કરી

**બંને** શખ્સો સામે અગાઉ અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે

વાપી : ગત ૨૯ મે ૨૦૨૬ના રોજ વાપીમાં બલીઠા જીઈબી ઓફિસ પાસે આવેલા ઋષિરાજ કોમ્પ્લેક્સના બે ફ્લેટના તાળા તોડી તસ્કરો અંદાજે ૩.૫૫ લાખ રૂપિયાના સોનાના દાગીના અને રોકડ ચોરી ગયા હતા. તેમજ મહાલક્ષ્મી એવન્યુ સોસાયટીના બે ફ્લેટમાંથી પણ કુલ ૧.૨૦ લાખ રૂપિયાની મતાની ચોરી થઈ હતી. આ અંગે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એલસીબી ટીમ દ્વારા વાપીથી મુંબઈ સુધીના રૂટ પરના ૨૦૦થી વધુ સીસીટીવી ફૂટેજનું ટેકનિકલ એનાલિસિસ કરવામાં આવ્યું હતું. ચોરીમાં બાઈકનો ઉપયોગ થયો હોવાનું ખુલતા પોલીસે મહારાષ્ટ્રના પુણે ખાતે દરોડા પાડી યશ ઉર્ફે ગટયા દત્તા દેશમુખ (ઉં.૧૯) અને ધનંજય ઉર્ફે ધનીયા હરીશ કાલે (ઉં.૨૧) નામના બે શખ્સોને ઝડપી પાડ્યા હતા.

પૂછપરછ દરમિયાન ખૂલ્યું હતું કે યશ સામે મહારાષ્ટ્રમાં ૧૯ અને ધનંજય સામે ૨૭ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે બંને કુખ્યાત તસ્કરોને જેલના સળિયા પાછળ ધકેલી વધુ તપાસ હાથ ધરી છે.

### વાપીમાં ચારધામ યાત્રાના સસ્તા પેકેજના બહાને 40,800 રૂપિયાની સાયબર ઠગાઈ

વાપી : વાપીના સમન્વય પાર્કમાં રહેતા અને ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા ઓમપ્રકાશ સૂર્યનારાયણ શુકલાએ ચારધામની યાત્રા કરવાનું આયોજન કર્યું હતું. ફેસબુક પર 'શીવ હોલીડે એન્ડ એડવેન્ચર' ટુર કંપનીનું પેકેજ જોઈ તેમણે સંપર્ક કર્યો હતો. કંપનીએ 40,800 રૂપિયામાં સવલતો આપવાની લાલચ આપી નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. જોકે, ત્યારબાદ ફોન સ્વીચ ઓફ આવતા છેતરપિંડી થયાનું ધ્યાને આવતા ઓમપ્રકાશે ડુંગરા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી.

# તીઘરા બાદ હવે વિરાવળ-કાછિયાવાડીમાં દીપડાની એન્ટ્રી!

**બકરાં** ચરાવતી મહિલાની સામે અચાનક દીપડો આવી ચડ્યો, સીમમાં ફફડાટ

નવસારીઃ નવસારી જિલ્લાના વિરાવળ-કાછિયાવાડી સીમમાં બકરાં ચરાવતી મહિલાની સામે અચાનક દીપડો આવી ચડતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

વાડી વિસ્તારમાં રહેતાં ગીતાબેન નાવડિયા સાંજે બકરાં ચરાવી રહ્યાં હતાં. તે દરમિયાન તેમની નજર દીપડા પર પડતાં તેઓ ગભરાઈ ગયા હતા. સ્વબચાવ માટે ગીતાબેને જોરજોરથી બૂમાબૂમ કરતાં દીપડો ત્યાંથી ખસી ગયો હતો અને તેઓ સલામત રીતે ત્યાંથી નીકળી ગયા હતા. મહિલાની ચીસો સાંભળીને આસપાસના ગ્રામજનો અને વાડીના ખેડૂતો પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ સ્થાનિક પીયૂષભાઈને કરાયા બાદ લોકોએ તપાસ હાથ ધરી હતી. દરમિયાન દીપડાના પગલાં જોવા મળ્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. ખેતર-વાડીમાં પરિવાર અને નાના બાળકો સાથે રહેતા ખેડૂતો માટે રાત્રિનો સમય ચિંતાનો વિષય બન્યો છે.

# ખાતું પોતાનું, પૈસા ઠગોના !

**જલાલપોરમાં કમિશનની** લાલચે બેંક ખાતા ભાડે આપનાર બે શખ્સો ઝડપાયા

નવસારીઃ નવસારી જિલ્લાના જલાલપોર વિસ્તારમાં સાયબર ઠગાઈની રકમને છુપાવવા અને તેને સુરક્ષિત રીતે આગળ પહોંચાડવા માટે ચાલતા 'મ્યુલ એકાઉન્ટ' (ભાડે આપેલા બેંક ખાતા) નાણાકીય ખેલનો પોલીસે સફળ પર્દાફાશ કર્યો છે. કમિશનની લાલચમાં આવીને બે શખ્સોએ પોતાના બેંક ખાતાં સાયબર ઠગ ટોળકી માટે ખુલ્લાં મૂકી દીધાં હતાં. પોલીસ તપાસમાં આ ખાતાઓ મારફતે અલગ-અલગ રાજ્યોમાંથી રૂપિયા ૨૨,૦૩,૦૦૦ની માતબર રકમના વ્યવહારો થયા હોવાનું બહાર આવતા સાયબર ફ્રોડના આંતરરાજ્ય નેટવર્કમાં ભારે ખળભળાટ મચી ગયો છે.



સુરત રેન્જ આઈજીપી પ્રેમવીરસિંહ અને નવસારી એસપી રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી એસ.કે. રાયની સૂચનાથી જલાલપોર પોલીસ સ્ટેશનના પીઆઈ એલ.જી. રાઠોડ અને તેમની ટીમ દ્વારા આ નેટવર્ક વિરુદ્ધ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. મળેલા ઈનપુટ્સ અને સમન્વય પોર્ટલના આધારે નવસારીની કેનેરા બેંક શાખાનું એક શંકાસ્પદ ખાતું પોલીસના રડારમાં આવ્યું હતું.

ખાતાની પ્રાથમિક હિલચાલની તપાસ કરતાં તેની કડી મયુરકુમાર ઉર્ફે મુરલી મુકુંદરાય પીઠડીયા (રહે. જલાલપોર) સુધી પહોંચી હતી, જેને પોલીસે ઝડપી લીધો હતો. ત્યારબાદ જલાલપોરના રાહુલ ભરતભાઈ રાઠોડની સંડોવણી પણ બહાર આવતા પોલીસે તેને પણ દબોચી લીધો હતો.

પોલીસ પૂછપરછમાં ખુલાસો થયો છે કે આ આરોપીઓ સાયબર ઠગ ટોળકીના સીધા સંપર્કમાં રહીને આકર્ષક કમિશન મેળવવાની લાલચે પોતાના નામે બેંક ખાતાં ખોલાવતા હતા. દેશના વિવિધ વિસ્તારોમાં આચરવામાં આવતી ઓનલાઇન છેતરપિંડીના નાણાં આવા ખાતાઓમાં જમા કરાવવામાં આવતા અને ત્યારબાદ તે રકમ અન્યત્ર ટ્રાન્સફર થતી હતી. તપાસ દરમિયાન આ ખાતાઓમાં ૨૨.૦૩ લાખથી વધુના વ્યવહારો થયાનું જણાયું છે, તેમજ કોલકાતામાં પણ આ નેટવર્કને લગતો ગુનો નોંધાયેલો હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર પ્રકરણમાં સુરતના નિખિલ મકવાણાની સંડોવણી પણ ખૂલતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી નેટવર્કની તપાસ હાથ ધરી છે.

### ધરમપુરના ગુંદિયા મૂળ ગામે કૂવામાં પડેલા દીપડાનું રેસ્ક્યુ



આસીફ શેખ

■ ધરમપુર : ધરમપુર તાલુકાના ગુંદિયા મૂળ ગામે શુક્રવારની રાત્રે એક દીપડો અચાનક કૂવામાં પડી જતાં ગામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રાત્રિના સમયે ગામમાં દીપડાની હિલચાલ બાદ તે કૂવામાં ખાબક્યો હોવાની જાણ થતાં ગ્રામજનોમાં ચિંતા ફેલાઈ હતી. ઘટનાની ગંભીરતા જોતાં ગામના આગેવાનોએ તુરંત વન વિભાગને જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ વન વિભાગની ટીમ જરૂરી સાધનો સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. કૂવામાં દીપડો હોવાથી રેસ્ક્યુ કામગીરી દરમિયાન કર્મચારીઓએ વિશેષ સાવચેતી રાખી હતી. કૂવામાં ઉતર્યા વિના સુરક્ષિત રીતે દીપડાને બહાર કાઢવા માટે આયોજનબદ્ધ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ભારે જહેમત બાદ આખરે દીપડાને હેમખેમ બહાર કાઢવામાં સફળતા મળી હતી. દીપડાના સફળ રેસ્ક્યુથી ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, જેથી વન વિભાગના કર્મચારીઓએ ભીડને કાબૂમાં રાખી સહકાર આપવા અપીલ કરી હતી. સમયસર કરેલી આ કામગીરી બદલ ગ્રામજનોએ વન વિભાગની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ચીખલી APMC ચૂંટણીમાં ભાજપ સમર્થિત પેનલના ઉમેદવારનો વિરોધ

**ગુજકોમાસોલનો** 1.04 કરોડનો ચેક બાઉન્સ થવાના કેસમાં ફસાયેલા ઉમેદવાર સામે રોષ

**આગામી** 9મી સપ્ટેમ્બરે મતદાન યોજાનાર હોવાથી રાજકીય ગરમાવો વધ્યો

ઘેજ : ચીખલી એપીએમસીની ચૂંટણી જીતવા ભાજપ અને કોંગ્રેસ સમર્પિત પેનલ દ્વારા એડીચોટીનુ જોર લગાવવામાં આવી રહ્યુ છે. પ્રચાર દરમ્યાન ચીખલીના ગામમાં સત્તાધારી પેનલને વિવાદિત ઉમેદવારને પગલે કડવા અનુભવનો સામનો કરવો પડ્યો હતો. ગુજકોમાસોલને આપેલો ૧.૦૪ કરોડ રૂપિયાનો ચેક બાઉન્સ થવાના કેસમાં સપડાયેલા વિવાદિત ઉમેદવાર માટે રોકડુ પરખાવવા માટે જાણીતા સ્થાનિક આગેવાન દ્વારા મનાઈ ફરમાવી દેવાતા આ ઉમેદવારે ત્યાંથી ચાલતી પકડવાની નોબત આવી હતી.

એપીએમસીમાં વ્યવસ્થાપક કમિટીના સભ્યોની ચૂંટણી માટે ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ભાજપ અને કોંગ્રેસ સમર્પિત પેનલના ૨૦ ઉમેદવારો મેદાનમાં છે અને આગામી ૯ મી ના રોજ મતદાન યોજાનાર હોય બંને પેનલ દ્વારા સહકારી મંડળીના મતદારોનો રૂબરૂ સંપર્ક કરી પ્રચારમાં જોતરાયા છે. આ દરમિયાન ચીખલીના ગામમાં સત્તાધારી પેનલ પ્રચાર માટે પહોંચતા સાચી રજૂઆતમાં ચમરબંધીને પણ રોકડું પરખાવવા જાણીતા યુવા આગેવાન દ્વારા વિવાદિત ઉમેદવાર સામે અમારા ગામમાં સવાલો ઊભા થશે તેમ જણાવી આ ઉમેદવારને સાથે ન લઈ જવા માટે સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દેતા એક સમયે આગેવાનો પણ મૂંઝાયા હતા અને આ વિવાદિત ઉમેદવારે ત્યાંથી ચાલતી પકડવાની નોબત આવી હતી.

નોંધનીય છે કે સત્તાધારી પેનલમાં ઘેજ ગામની મંડળીનો ચેરમેન પણ ઉમેદવાર હોય જેને લઈને સમગ્ર તાલુકાના સહકારી ક્ષેત્ર અને ખેડૂત આગેવાનોમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. પોતાની મંડળીમાં ખાતરનું બે વર્ષથી ગુજકોમાસોલને પેમેન્ટ ન ચૂકવાતા અને આ માટે ગુજકોમાસોલને આપેલો ૧.૦૪ કરોડ રૂપિયાનો ચેક બાઉન્સ થતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. ત્યારે પોતાના ગામની મંડળીના વહીવટમાં બેદરકારી દાખવનાર એપીએમસીમાં ખેડૂતો શું પ્રતિનિધિત્વ કરી શકવાના? તેવા ખેડૂત આગેવાનોમાં પ્રશ્નો ઉભા થયા છે. ત્યારે આ વખતની ચૂંટણી સતાધારી પેનલ માટે એટલી સરળ રહે તેમ લાગતુ નથી. બીજી તરફ ઓબીસી અને એસ ટી સમાજના મતદારોનુ પ્રભુત્વ વધારે છે તેવામાં સત્તાધારી પેનલમાં છેલ્લી અઢી વર્ષની ટર્મમાં ચેરમેન, વાઈસ ચેરમેનના પદે સામાન્ય વર્ગના હતા ત્યારે આ વખતે જાતિવાદને પણ પ્રાધાન્ય મળવાની શક્યતા જોવાઈ રહી છે.

# વાંસદામાં એપ ડાઉનલોડ કરતા મોબાઈલ ફોન હેક

**લોનના** નામે બ્લેકમેલ કરી અશ્લીલ ફોટા વાયરલ કરવાની ધમકી\

**20** હજારની માંગણી પૂરી ન થતાં હેકરે પરિવારજનોના નંબરો પર ફોટા મોકલ્યા

વાંસદાઃ વાંસદા પંથકમાં યુવાને 'MCash Pockey' નામની એપ્લિકેશન પર ક્લિક કર્યા બાદ તેનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે. ત્યારબાદ અજાણ્યા ઇસમે ફોન કરીને યુવાન પાસેથી રૂપિયા 20 હજારની માંગણી કરી હતી. પૈસા નહીં આપતાં હેકરે યુવાનના ફોટો સાથે છેડછાડ કરી અશ્લીલ ફોટો બનાવી તેના પરિવારજનોના સંપર્ક નંબર પર મોકલતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

વાંસદાના યુવાને 'MCash Pockey' નામની એપ્લિકેશન પર ક્લિક કર્યા બાદ તેનો મોબાઈલ ફોન હેક થયો હતો, યુવાન જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે મિત્રો સાથે તોરણયા ડુંગર ખાતે ગયો હતો, તે દરમિયાન તેના મોબાઈલ ફોન પર અજાણ્યા નંબર પરથી ફોન આવતાં યુવાને ફોન રિસીવ કર્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ યુવાનને જણાવ્યું હતું કે, 'તમે એક એપ્લિકેશન ડાઉનલોડ કરી છે અને તેના મારફતે લોન લીધી છે. લોનના પૈસા માટે ફોન કર્યો છે.' યુવાને પોતે કોઈ લોન લીધી ન હોવાનું જણાવતાં ફોન કરનાર વ્યક્તિએ ધમકીભર્યા અંદાજમાં પોતાનું અસલી સ્વરૂપ બતાવ્યું હતું. હેકરે યુવાનના મોબાઈલમાં રહેલા ફોટા સાથે છેડછાડ કરી અશ્લીલ ફોટો બનાવી તેને વોટ્સએપ પર મોકલ્યો હતો અને આ ફોટો વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા 20 હજારની માંગણી કરી હતી. યુવાને પૈસા આપવાનો ઇનકાર કરતાં હેકરે યુવાન સહિત તેના પરિવારજનોના કોન્ટેક્ટ નંબર પર અશ્લીલ ફોટા મોકલી દીધા હતા. આ ઘટનાથી ગભરાયેલા યુવાને તાત્કાલિક ઓનલાઈન સાયબર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ વાંસદા પોલીસ મથકે પણ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદમાં જણાવાયેલા અજાણ્યા મોબાઈલ નંબરનું લોકેશન નેપાળ તરફનું હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે, આ સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# વિદ્યાર્થીઓ માટે બસના અભાવથી રોષ

**વલસાડની** ખાનગી શાળાઓને વિશેષ બસો ફાળવાતી હોવાના આક્ષેપ સાથે 'એક્શન ટેકેન રિપોર્ટ' ન અપાય તો આંદોલનની ચીમકી

વલસાડ : વલસાડ જિલ્લાની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી, એસસી અને ઓબીસી સમાજના વિદ્યાર્થીઓ માટે અપૂરતી એસ.ટી. બસ વ્યવસ્થાને કારણે સર્જાતી સુરક્ષા સમસ્યા અંગે આદિવાસી યુથ લીડર અને આઈએમએ વલસાડના ભૂતપૂર્વ પ્રમુખ ડો. નિરવ ભુલાભાઈ પટેલે જિલ્લા કલેક્ટરને ગંભીર રજૂઆત કરી છે. રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે વલસાડ ડેપો દ્વારા કેટલીક ખાનગી શાળાઓને દરવાજા સુધી મોટી સંખ્યામાં બસ સેવાઓ અપાય છે, જ્યારે ખેરગામ, ધરમપુર, કપરાડા, ઉમરગામ અને પારડી જેવા ગ્રામ્ય વિસ્તારોમાંથી સરકારી શાળાઓમાં ભણવા આવતા ગરીબ વિદ્યાર્થીઓ માટે પૂરતી બસો ઉપલબ્ધ ન હોવાથી પીક અવર્સમાં ભારે ભીડ અને અંધાધૂંધી સર્જાય છે.

ભૂતકાળની ગંભીર ઘટનાઓ ટાંકીને ડો. પટેલે જણાવ્યું હતું કે બસની ભારે ભીડ અને દોડાદોડીના લીધે અગાઉ એક મહિલાનું મૃત્યુ થયું હતું, જ્યારે તાજેતરમાં કલવાડા વિસ્તારના એક વિદ્યાર્થીને ગંભીર ઈજા પહોંચી હતી. જાહેર પરિવહન વ્યવસ્થામાં ખાનગી કે સરકારી શાળાના આધારે વિદ્યાર્થીઓની સુવિધામાં અસમાનતા ન હોવી જોઈએ.

આ મામલે છેલ્લા બે વર્ષમાં ખાનગી શાળાઓને ફાળવાયેલી બસોની રૂટ-વાઈઝ માહિતી જાહેર કરવા, અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે વધારાની બસો શરૂ કરવા, જીએસઆરટીસી દ્વારા 'સ્ટુડન્ટ ટ્રાન્સપોર્ટ ડિમાન્ડ સર્વે' હાથ ધરવા અને 'રૂટ રેશનલાઈઝેશન કમિટી' બનાવવા માંગ કરાઈ છે. આ રજૂઆતને જનહિતની ફરિયાદ ગણી આગામી ૧૫ દિવસમાં 'એક્શન ટેકેન રિપોર્ટ' આપવા જણાવવામાં આવ્યું છે. જો સમયસર બસોની સંખ્યા નહીં વધારવામાં આવે, તો કાયદેસરના ઉપાયો તેમજ જનઆંદોલનનો રસ્તો અપનાવવાની ઉગ્ર ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

### નાનાપોંઢાના લુહાર ફળિયાથી યુવક ગુમ

વલસાડ : નાનાપોંઢા ફળિયામાં રહેતા 38 વર્ષીય પિયુષભાઈ ભોયા (મૂળ રહે.-માતુનિયા, કપરાડા) સવારે 9.30 વાગ્યાના સુમારે પોતાના ઘરેથી પંજાબના પટિયાલા ખાતે નોકરી ઉપર જાઉં છું એમ કહી કશે જતા રહ્યા હતાં. તેમની શોધખોળ કરતા કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ પિયુષ પાતળો બાંધો, ગૌરવર્ણ અને ૫ ફૂટ ૫ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે જમણાં હાથમાં 'સુનિતા' નામનું ટેટું કોતરાવેલું છે. કોઈને યુવકની ભાળ મળે તો પોલીસ સ્ટેશને જાણ કરવી.